# Telephone Conversation between PM and President of Egypt

April 17, 2020

## વડાપ્રધાન અને ઈજીપ્તનાં રાષ્ટ્રપતિ વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 17, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ઈજીપ્તનાં રાષ્ટ્રપતિ મહામહિમ અબ્દેલ ફત્તાહ એલ-સિસિ સાથે ફોન પર વાત કરી હતી.

બન્ને નેતાઓએ કોવિડ-19 મહામારીને કારણે વિકસી રહેલી વૈશ્વિક પરિસ્થિતિ પર ચર્ચા કરી હતી અને તેઓનાં લોકોનું રક્ષણ કરવા માટે તેઓની સંબંધિત સરકારો દ્વારા લેવામાં આવી રહેલા પગલાઓ અંગેની માહિતીની આપ-લે કરી હતી. તેઓ એકબીજા પાસેથી શિખી શકે તે માટે અનુભવો અને શ્રેષ્ઠ-પ્રથાઓનાં સતત આદાન-પ્રદાનની ઉપયોગીતા પર સંમત થયા હતા.

વડાપ્રધાને ઈજીપ્તનાં રાષ્ટ્રપતિને ખાતરી આપી હતી કે આ મુશ્કેલ સમય દરમિયાન ફાર્માસ્યુટિકલ્સ પૂરવઠાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા ભારત તમામ સંભવિત સહાયતા કરશે. ઈજીપ્તમાં હાજર ભારતીય નાગરિકોની પ્રદાન કરવામાં આવી રહેલી સહાયતાઓ બદલ તેણે રાષ્ટ્રપતિ એલ-સિસિનો આભાર પણ માન્યો હતો.

બન્ને નેતાઓ સંમત થયા હતા કે નજીકનાં સંકલન અને અનુભવનાં આદાન-પ્રદાનને સુનિશ્ચિત કરવા માટે તેઓની ટીમો સંપર્કમાં રહેશે.

**નવી દિલ્હી**
**એપ્રિલ 17, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.